**T-20 વર્લ્ડકપ : સુપર-8 | આજની મેચ |** ઝિમ્બાબ્વે v/s દક્ષિણ આફ્રિકા ▶ સમયઃ બપોરે 03 વાગ્યે ▶ સ્થળઃ દિલ્હી | ભારત v/s વેસ્ટઈન્ડિઝ ▶ સમયઃ સાંજે 7.00 વાગ્યે ▶ સ્થળઃ કોલકાતા

# આજે ભારત અને વેસ્ટઈન્ડિઝ વચ્ચે આરપારનો જંગ

**વિન્ડિઝના** પાવર હિટર્સ વિરુદ્ધ બુમરાહ, અર્શદીપ અને ચક્રવર્તીનો પડકાર

**બંને** ટીમમાંથી જે પણ જીતશે તે ઈંગ્લેન્ડ સામે બીજી સેમિફાઈનલ રમશે







કોલકાતા, તા. 28 (પીટીઆઈ): ભારતીય બેટ્સમેનો હવે પોતાના અસલી ફોર્મમાં પરત ફર્યા છે, પરંતુ બોલરોનું નબળું પ્રદર્શન હજુ પણ ટીમ મેનેજમેન્ટ માટે માથાનો દુખાવો બનેલું છે. રવિવારે કોલકાતાના ઐતિહાસિક ઈડન ગાર્ડન્સ ખાતે વેસ્ટઈન્ડિઝ સામે રમાનારી સુપર-8ની આ મેચ વાસ્તવમાં 'ક્વાર્ટર ફાઈનલ' સમાન બની ગઈ છે. દક્ષિણ આફ્રિકા સામેની હાર અને ઝિમ્બાબ્વે પરની જીત બાદ હવે ભારત અને વેસ્ટઈન્ડિઝ બંને માટે આ 'કરો અથવા મરો' જેવી સ્થિતિ છે. આ હાઈ-વોલ્ટેજ મુકાબલામાં જે ટીમ વિજેતા બનશે તેને 5 માર્ચે ઈંગ્લેન્ડ સામે બીજી સેમીફાઈનલમાં ટકરાશે.

ઝિમ્બાબ્વે સામેની મેચમાં ભારતીય બેટિંગમાં જોવા મળેલો ઉછાળો અત્યંત સકારાત્મક સંકેત છે. સંજુ સેમસન અને અભિષેક શર્માની જોડીએ પાવરપ્લેમાં આક્રમક શરૂઆત કરીને રનરેટનો પાયો નાખ્યો હતો. અભિષેક શર્માએ ત્રણ શૂન્ય બાદ શાનદાર અર્ધસદી ફટકારીને ટીકાકારોને જવાબ આપ્યો છે, જ્યારે તિલક વર્માએ છઠ્ઠા ક્રમે નવી ભૂમિકામાં માત્ર 16 બોલમાં 44 રન ઝૂડી કાઢીને ભારતને 256 રનના વિશાળ સ્કોર સુધી પહોંચાડ્યું હતું, જે આ ટૂર્નામેન્ટનો અત્યાર સુધીનો સર્વોચ્ચ સ્કોર છે.

જોકે, બોલિંગ વિભાગમાં ચિંતાના વાદળો હજુ પણ ઘેરાયેલા છે. મિસ્ટ્રી સ્પિનર વરુણ ચક્રવર્તી પોતાની લેન્થ પર નિયંત્રણ રાખવામાં નિષ્ફળ રહ્યો છે અને દક્ષિણ આફ્રિકા સામે 47 રન આપ્યા બાદ ઝિમ્બાબ્વેના સિકંદર રઝાએ પણ તેને નિશાન બનાવ્યો હતો. હવે સવાલ એ છે કે ગૌતમ ગંભીર ઈડન ગાર્ડન્સ પર વરુણને જ તક આપે છે કે પછી કુલદીપને પ્લેઈંગ-11માં સ્થાન આપે છે. આ ઉપરાંત, ઓલરાઉન્ડર શિવમ દુબેની બોલિંગ ભારત માટે જોખમી સાબિત થઈ શકે છે, જેણે છેલ્લી મેચમાં 2 ઓવરમાં 46 રન લુંટાવ્યા હતા. વેસ્ટઈન્ડિઝના બેટ્સમેનો જે રીતે લોંગ-ઓન અને લોંગ-ઓફ પર પ્રહારો કરે છે, તેને રોકવા બુમરાહ, અર્શદીપ અને પંડ્યાની 'પેસ ત્રિપુટી'એ પોતાની સંપૂર્ણ તાકાત લગાવવી પડશે.

સામે પક્ષે વેસ્ટ ઈન્ડિઝ પાસે રોમારિયો શેફર્ડ અને શિમરોન હેટમાયર જેવા ખતરનાક ખેલાડીઓ છે જે ગમે ત્યારે બાજી પલટી શકે છે.

### ભારત-વિન્ડિઝ ટી-20 જંગના અત્યાર સુધીના આંકડા

| કુલ મેચ | ભારત વિજયી | વેસ્ટઈન્ડિઝ વિજયી | પરિણામ નહીં |
|---|---|---|---|
| 30 | 19 | 10 | 1 |

# જમ્મુ કાશ્મીરે પ્રથમવાર જીત્યો રણજી ટ્રોફીનો ખિતાબ

**છેલ્લા** દિવસે બંને કેપ્ટનો મેચ ડ્રો કરવા સંમત થયા પણ કર્ણાટક પર પ્રથમ ઈનિંગની સરસાઈના આધારે જમ્મુ કાશ્મીર ચેમ્પિયન બન્યું

**કામરાન** ઈકબાલે 160 અને સાહિલ લોત્રાએ અણનમ 101 રન ફટકાર્યા



હુબલી, તા. 28 (પીટીઆઈ): જમ્મુ-કાશ્મીરની ટીમે પોતાના અદમ્ય જોશ અને જુસ્સાનું શાનદાર પ્રદર્શન કરતા શનિવારે હુબલી ખાતે ઈતિહાસ રચી દીધો છે. ૮ વારની ચેમ્પિયન કર્ણાટક સામેની ફાઈનલ મેચ ડ્રોમાં પરિણમી હતી, પરંતુ પ્રથમ ઈનિંગની જંગી લીડના આધારે જમ્મુ-કાશ્મીરે પ્રથમવાર રણજી ટ્રોફીનો ખિતાબ જીતીને 67 વર્ષની લાંબી રાહનો અંત આણ્યો છે. 67 વર્ષ પહેલાં રણજીમાં પ્રથમવાર ભાગ લેનાર જમ્મુ-કાશ્મીરને એક સમયે નબળી ટીમ માનવામાં આવતી હતી. પરંતુ આ સિઝનમાં તેમણે મુંબઈ સામેની હારથી શરૂઆત કર્યા બાદ સતત સુધારો કર્યો અને સેમીફાઈનલમાં બંગાળને હરાવી ફાઈનલમાં પ્રવેશ કર્યો. ફાઈનલમાં પ્રથમ બેટિંગ કરતા જમ્મુ-કાશ્મીરે શુભમ પુંડીરના શાનદાર શતકની મદદથી 584 રનનો વિશાળ સ્કોર ખડક્યો હતો. જવાબમાં કર્ણાટક માત્ર 293 રન જ બનાવી શક્યું, જેનાથી જમ્મુ-કાશ્મીરને 291 રનની સરસાઈ મળી હતી.બીજી ઈનિંગમાં પણ જમ્મુ-કાશ્મીરનો દબદબો રહ્યો હતો. પાંચમા દિવસે કામરાન ઈકબાલે 160 અને સાહિલ લોત્રાએ અણનમ 101 રન ફટકાર્યા હતા. જ્યારે સ્કોર 4 વિકેટે 342 રન થયો અને કુલ સરસાઈ 633 રનની થઈ ત્યારે બંને કેપ્ટનો મેચ ડ્રો કરવા સંમત થયા હતા.

### જમ્મુ કાશ્મીર ટીમ માટે રૂ.2 કરોડના ઈનામની જાહેરાત

શ્રીનગર, તા. 28 (પીટીઆઈ): જમ્મુ-કાશ્મીરની ટીમે પ્રથમવાર રણજી ટ્રોફી જીતીને ઈતિહાસ રચવા બદલ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ ટીમને અભિનંદન પાઠવ્યા છે. તેમણે ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફ માટે રૂ. 2 કરોડના રોકડ પુરસ્કારની જાહેરાત કરી છે. આ ઉપરાંત, ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ખેલાડીઓને સરકારી નોકરી પણ આપવામાં આવશે. મુખ્યમંત્રીએ આ જીતને પ્રદેશ માટે ગૌરવ અને પ્રેરણાની ક્ષણ ગણાવી હતી. જમ્મુ-કાશ્મીરની ટીમ રણજી ટ્રોફીમાં ઈતિહાસ રચી રહી હતી ત્યારે મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા જાતે હુબલીના સ્ટેડિયમમાં હાજર રહી ટીમને પ્રોત્સાહિત કરી હતી.

# પાકિસ્તાન જીતવા છતાં ટુર્નામેન્ટમાંથી બહાર

**ફરહાન** અને ઝમાન વચ્ચે 176 રનની ભાગીદારી ટી20 વર્લ્ડ કપના ઈતિહાસમાં કોઈપણ વિકેટ માટે સૌથી મોટી ભાગીદારી

### મેચની વચ્ચે જ પાકિસ્તાન ટી-20 વર્લ્ડકપમાંથી બહાર ફેંકાયુ: ન્યુઝીલેન્ડ સેમીફાઇનલમાં

ટી-20 વર્લ્ડકપ 2026માં પાકિસ્તાનનું અભિયાન સમાપ્ત થઈ ગયું છે. 212 રન બનાવ્યા બાદ પાકિસ્તાને સેમિફાઈનલમાં પહોંચવા શ્રીલંકાને 65 રનના અંતરે હરાવવાની જરૂર હતી એટલે કે તેણે શ્રીલંકાને 147 કે તેથી ઓછા રન પર રોકવાની જરૂર હતી, પરંતુ શ્રીલંકા આ આંકડો પાર કરવામાં સફળ રહ્યું હતું તેણે કુલ 207 રન બનાવ્યા હતા અને માત્ર 5 રને હાર્યું હતું. આ સાથે જ ન્યુઝીલેન્ડની ટીમ સેમીફાઈનલમાં પહોંચી ગઈ છે. આ પરિણામ સાથે પાકિસ્તાન અને ન્યૂઝીલેન્ડ બંનેના સુપર-8માં 3-3 પોઈન્ટ્સ થયા હતા, પરંતુ ચડિયાતા રન રેટના આધારે ન્યૂઝીલેન્ડ ગ્રુપ-2 માંથી બીજા ક્રમે રહી સેમીફાઈનલમાં ક્વોલિફાય થયું છે. ઈંગ્લેન્ડ તેના ત્રણેય મુકાબલા જીતીને પહેલેથી જ અંતિમ ચારમાં સ્થાન મેળવી ચૂક્યું છે.

પલ્લેકલ, તા. 28 (પીટીઆઈ): શનિવારે રમાયેલી સુપર-8 તબક્કાની રોમાંચક મેચમાં પાકિસ્તાને શ્રીલંકા સામે 5 રને વિજય મેળવ્યો હોવા છતાં, નેટ રન રેટ (NRR)માં ન્યૂઝીલેન્ડથી પાછળ રહી જતાં તે T20 વર્લ્ડ કપમાંથી બહાર ફેંકાઈ ગયું છે. પ્રથમ બેટિંગ કરતા પાકિસ્તાને નિર્ધારિત 20 ઓવરમાં 8 વિકેટે 212 રનનો વિશાળ સ્કોર ખડક્યો હતો. જેમાં સલામી બેટ્સમેન સાહિબઝાદા ફરહાને શાનદાર 100 રન અને ફખર ઝમાને 84 રન ફટકાર્યા હતા. બંને વચ્ચે થયેલી 176 રનની ભાગીદારી T20 વર્લ્ડ કપના ઈતિહાસમાં કોઈપણ વિકેટ માટેની રેકોર્ડબ્રેક ભાગીદારી બની હતી. કેપ્ટન દાસુન શનાકાએ માત્ર 31 બોલમાં અણનમ 76 રન અને પવન રત્નાયકેએ 58 રનની આક્રમક ઈનિંગ રમતા શ્રીલંકાએ 20 ઓવરમાં 6 વિકેટે 207 રન બનાવ્યા હતા.

# ઈરાન પર હુમલાની અસર: વર્લ્ડકપના ખેલાડીઓ માટે ICC વૈકલ્પિક રૂટ શોધશે

**એર** ઈન્ડિયા સહિતની ઘણી એરલાઈન્સે ખાડી દેશોની ફ્લાઈટ્સ રદ કરી હોવાથી મુશ્કેલી સર્જાઈ

દુબઈ, તા. 28 (પીટીઆઈ): ઈરાન પર થયેલા અમેરિકી હુમલાના કારણે સર્જાયેલા હવાઈ અવરોધોને પગલે, ICCએ ટી-20 વર્લ્ડ કપ-2026માં સામેલ ખેલાડીઓ અને અધિકારીઓની સુરક્ષિત ઘરવાપસી માટે વૈકલ્પિક મુસાફરી યોજનાઓ પર કામ શરૂ કર્યું છે. ભારત અને શ્રીલંકા દ્વારા આયોજિત આ ટુર્નામેન્ટ 8 માર્ચે સમાપ્ત થઈ રહી છે, જેમાં ભારત સહિત 6 ટીમો હજુ મેદાનમાં છે. દુબઈ જેવા ખાડી દેશોના એરપોર્ટ મુખ્ય ટ્રાન્ઝિટ પોઈન્ટ હોવાથી અને એર ઈન્ડિયા સહિતની ઘણી એરલાઈન્સે આ વિસ્તારની ફ્લાઈટ્સ રદ કરી હોવાથી મુશ્કેલી સર્જાઈ છે. ICC ના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ખેલાડીઓ, મેચ અધિકારીઓ અને બ્રોડકાસ્ટ ટીમના સુરક્ષિત પ્રવાસ માટે લોજિસ્ટિક્સ અને સિક્યુરિટી ટીમો ચોવીસ કલાક કાર્યરત છે. હવે ખેલાડીઓને તેમના દેશોમાં પરત મોકલવા માટે યુરોપ, દક્ષિણ એશિયા અને દક્ષિણ-પૂર્વ એશિયાના રૂટનો ઉપયોગ કરવામાં આવશે. આ માટે એક વિશેષ 'ટ્રાવેલ સપોર્ટ ડેસ્ક' પણ શરૂ કરવામાં આવ્યું છે. આઈસીસીએ ચાહકોને પણ આંતરરાષ્ટ્રીય પ્રવાસ કરતા પહેલા એડવાઈઝરી તપાસવાની સલાહ આપી છે.

# પ્રિમીયર લીગ: છેલ્લા સ્થાને રહેલી વોલ્વસે એસ્ટન વિલાને હરાવી

**આ હારથી** પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને ચાલી રહેલી એસ્ટન વિલાની 'ચેમ્પિયન્સ લીગ'માં ક્વોલિફાય થવાની આશાને મોટો ફટકો પડ્યો



વોલ્વરહેમ્પટન, તા. 28 (એપી): ઈંગ્લિશ પ્રીમિયર લીગમાં એક મોટો ઉલટફેર જોવા મળ્યો હતો. પોઈન્ટ ટેબલમાં સૌથી નીચેના સ્થાને રહેલી વોલ્વરહેમ્પ્ટન (વોલ્વ્સ) ટીમે શાનદાર ફોર્મમાં ચાલી રહેલી એસ્ટન વિલાને 2-0થી હરાવીને તમામને ચોંકાવી દીધા હતા. જોઆઓ ગોમ્સે આ સિઝનનો પોતાનો પ્રથમ ગોલ કરીને ટીમને સરસાઈ અપાવી હતી, જ્યારે રોડ્રિગો ગોમ્સે સ્ટોપેજ ટાઈમમાં બીજો ગોલ ફટકારી જીત પાકી કરી હતી.29 મેચોમાં માત્ર 13 પોઈન્ટ ધરાવતી વોલ્વ્સ માટે આ સિઝનની માત્ર બીજી જીત છે. જોકે, આ ટીમનું નીચલી શ્રેણીમાં ખસવું (રેલિગેશન) લગભગ નક્કી માનવામાં આવે છે, છતાં આ વિજયથી ચાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. બીજી તરફ, એસ્ટન વિલા માટે આ હાર આઘાતજનક છે, કારણ કે તેનાથી તેની 'ચેમ્પિયન્સ લીગ'માં ક્વોલિફાય થવાની આશાને મોટો ફટકો પડ્યો છે.

